"બાલસુબોધ" બોધમાળા મોતી પહેલું.

મુંબઇની ભૂગોળ.

લખનાર

મહાસુખરામ હરગોવિંદદાસ.

"સુંદરીગુણમંદિર" વગેરેના-કર્ત્તા.

પ્રગટકરનાર

"પુસ્તકપ્રસારક મંડળી."

મુંબઈ.

"સુબોધપ્રકાશ" છાપખાનામાં છાપી.

સન ૧૮૯૦.

કીમત એક આનો.

મુંબઈની ભૂગોળ.

દિશાઓ.


મૂળ દિશાઓ ચાર છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ. એ ચાર દિશાપરથી બીજી દિશા થયેલી છે તેને ખુણા કહેછે. તે પણ ચાર છે. અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન. વળી કેટલાક આકાશ અને પાતાળ એ બે દિશા સુધાં દશ દિશા ગણેછે. દિશાઓને પારખવાનું મુખ્ય સાધન સૂરજ છે. તે ન દેખાતો હોય તો ધ્રુવના તારાપરથી પારખી શકાયછે. કેમકે સૂર્ય જેમ હમેશાં પૂર્વમાં ઉગેછે તેમ આ તારો પણ હમેશાં ઉત્તરમાંજ ઉગેછે. તે તારો પણ ન દેખાતો હોય તો વહાણવટીઓ, ચીના લોકોએ શોધી કાઢેલું હોકાયંત્ર નામનું એક યંત્ર, પોતાની પાસે રાખે છે; તેની સોય નિરંતર ઉત્તર દિશા તરફ જ રહેછે, તેથી ઉત્તર દિશા જણાયછે. અને તેપરથી બાકીની સઘળી દિશાઓ સહજમાં માલમ પડેછે.

પૃથ્વીની જે દિશામાં સવારના સૂરજ ઉગેછે તે પૂર્વ દિશા જાણવી અને પૃથ્વીની જે દિશામાં સાંજના સૂરજ આથમતો જણાયછે તે આથમણી કે પશ્ચિમ દિશા જાણવી. સવારના જે દિશામાં સૂરજ ઉગેછે તે તરફ મોં કરી ઉભા રહીએ તો જેણી ગમ આપણો ડાબો હાથ આવે તે ઉત્તર દિશા અને જેણી ગમ જમણો હાથ આવે તે દક્ષિણ દિશા જાણવી.

પૂર્વ ને દક્ષિણની વચ્ચેનો ખુણો તે અગ્નિ; દક્ષિણ અને પશ્ચિમની વચ્ચેનો ખુણો તે નૈઋત્ય; પશ્ચિમ અને ઉત્તરની વચ્ચેનો ખુણો તે વાયવ્ય; ઉત્તર અને પૂર્વની વચ્ચેનો ખુણો તે ઇશાન ખુણો.

નકશાની દિશાઓ.

સપાટ વસ્તુ ઉપર કોઇ પણ પદાર્થ કે પ્રાણીના સઘળા કે તેના કોઇપણ ભાગના ટુંકામાં કાઢેલા આબેહુબ નમુના અથવા આકારને નકશો કહેછે.



નકશો સીધો રાખી તેના સામા આપણે ઉભા રહીએ તો ઉપરનો એટલે મથાળાનો ભાગ તે ઉત્તર દિશા; અને ડાબા હાથ તરફની તે પશ્ચિમ દિશા; નીચલો એટલે ભોંય તરફનો ભાગ તે દક્ષિણ દિશા; તથા જમણા હાથ તરફની તે પૂર્વ દિશા જાણવી. આ ઉપરથી નકશામાં ખુણા તો સહેલથી સમજાશે જ.

પૃથ્વી ગોળ છે તેનાં કારણો.

(૧) પૂર્વ દિશાના દેશોમાં સૂર્ય વહેલો ઉગેછે અને પશ્ચિમ ભણીના દેશોમાં સૂર્યને ઉગવાને વિશેષ વિલંબ લાગેછે માટે પૃથ્વી ગોળ હોવી જોઇએ. (૨) પૃથ્વીના સઘળા ભાગપર એક વખતે સૂર્યોદય તથા સૂર્યાસ્ત થતો નથી. વળી આથમતા સૂર્ય સમયે બલુનમાં બેસી ઘણે ઉંચે ચઢીને જોવાથી જ્યારે પૂર્વમાં રાત પડતી દેખાયછે ત્યારે પશ્ચિમમાં સૂર્ય ઉગતો નજરે પડેછે; માટે પૃથ્વી પૂર્વ પશ્ચિમ ગોળ હોવી

જોઇએ. (૩) દક્ષિણદિશાથી આપણે જેમ જેમ ઉત્તર તરફ જઇએછીએ તેમ તેમ ધ્રુવનો તારો ઊંચો દેખાયછે પણ તે સઘળી દિશાએથી એક સરખો ઊંચો દેખાતો નથી તે ઉપરથી એવું સિદ્ધ થાયછે કે પૃથ્વી દક્ષણઉત્તર ગોળ હોવી જોઇએ. (૪) કોઇ ઊંચા કિલ્લા, પર્વત, ઝાડ અને વહાણ વગેરેની દૂરથી પ્રથમ ટોચ દેખાયછે, પછી મધ્ય ભાગ અને તેની છેક પાસે જઇએ ત્યારે નીચલો ભાગ નજરે પડેછે, પણ પૃથ્વી સપાટ હોય તો એમ દેખાય નહિ માટે તે ગોળ હોવી જોઇએ. (૫) દરીઆના કાંઠા પાસેથી જ્યારે વહાણ ચલાવવામાં આવેછે ત્યારે શરૂઆતમાં તેનું તળીઊં, પછી સઢ અને છેક દૂર ગયા પછી તેની ટોચ પણ દેખાતી નથી માટે પૃથ્વી ગોળ હોવી જોઇએ. (૬) જમીનની સપાટીપરથી કે મેદાનમાંથી આપણી સામે જ્યારે કોઈ માણસ ઘણે દૂરથી આવતું હોયછે ત્યારે પ્રથમ તેના માથાપરનો ભાગ, પછી મોં, પછી પેટ અને છેક નજીક આવે ત્યારે તેના પગ દેખાયછે, પણ જો પૃથ્વી ગોળ ન હોય તો માથું ને પગ એકી વખતે દેખાય પણ તે તેમ દેખાતું નથી માટે પૃથ્વી સપાટ નહિ પણ ગોળ હોવી જોઇએ. (૭) ખગોળ વિદ્યાથી સિદ્ધ થયુંછે કે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શની અને પૃથ્વી એ સર્વ ગ્રહો છે અને તે સર્વ ગોળ છે ત્યારે એ ગ્રહોમાં ગણાતી પૃથ્વી પણ ગોળ જ હોવી જોઇએ. (૮) જોતિષશાસ્ત્રના આધારથી એવું સિદ્ધ થયુંછે કે, જ્યારે ચંદ્રગ્રહણ થાયછે

ત્યારે ચંદ્રપર પૃથ્વીની છાયા વર્તુળાકાર અથવા વર્તુ-ળખંડાકાર પડેછે, પણ જો પૃથ્વી ગોળ ન હોય તો તેની છાયા કદી ગોળ પડે નહિ. જેવો પદાર્થ તેવી તેની છાયા પડેછે આ નિયમે જોતાં પણ પૃથ્વી ગોળ હોય તો જ તેની છાયા ગોળ પડે. આ કારણથી પણ સિદ્ધ થાયછે કે પૃથ્વી ચપટી કે થાળી જેવી નહિ પણ દડા કે નારંગીના જેવી ગોળ છે. (૯) આકર્ષણના નિયમથી પણ પૃથ્વી ગોળ જ હોવી જોઇએ કેમકે હર-કોઇ ગોળ પદાર્થનાં મધ્યબિંદુથી તેનાં સઘળાં પર-માણું સરખા બળે ખેંચાયછે. આ જ કારણથી પા-રાની ગાંગડીઓ અને ઝાકળનાં ટીપાં ગોળ બંધાઇ જાયછે માટે પૃથ્વી ગોળ હોવી જોઇએ. (૧૦) કોઇ પણ ગોળ પદાર્થની પ્રદક્ષિણા કરવાસારૂ ફરીએ છીએ ત્યારે શરૂઆતે જ્યાંથી ફરવા નીકળ્યા હોઇએ છીએ ત્યાંજ અંતે ફરીને પાછા આવીએછીએ; તે જ પ્રમાણે જેઓ વહાણમાં કે આગબોટમાં બેસીને પૃથ્વની પ્રદક્ષિણા કરી આવ્યાછે તેઓ દિશા બદલ્યા વગર જે દિશાએથી નીકળ્યા હોયછે તે જ દિશામાં પાછા આવ્યાછે એ ઉપરથી પણ સિદ્ધ થાયછે કે પૃથ્વી ગોળ છે. પરંતુ કેવળ ગોળ નથી. જેમ નારંગી બે છેડા આગળ ચપટી છે તેમ પૃથ્વી પણ ઉત્તર તથા દક્ષિણ ભાગ આગળ જરા ચપટી છે. પૃથ્વીની પહેલ વહેલી પ્રદક્ષિણા માગેલ્લન નામે પરાક્રમી પુરુષે કરી હતી. એ પછી ડ્રેક, હીમસ્કર્ક અને કુક વગેરેએ પણ પૃથ્વીની પ્રદક્ષિણા કરીછે.

મુંબઇની ભૂગોળ.*

સીમા—દક્ષિણમાં કોલાબા, એ મુંબઈનું છેક દક્ષિણ બિંદુ છે. પશ્ચિમમાં ખંભાલાહીલ, મહાલક્ષ્મી, વરલી અને માહિમ છે. ઉત્તરમાં માટુંગા, માહિમ અને વાંદરા છે. પૂર્વમાં મુંબઇનું બારૂં, સિવરી અને મીઠાના અગર છે.

વિસ્તાર—મુંબઈ શહેરનું સપાટ મેદાન ૧૧ મૈલ લાંબુ અને ૩ મૈલ પહોળું છે. મુંબઈનો ઘેરાવો ૨૨ ચોરસ મૈલનો છે.

વસ્તી—મુંબઇ શહેરની વસ્તી (૭૭૩૧૯૬) સુમારે પોણાઆઠ લાખ માણસની છે. તેમાં સર્વથી વધારે વસ્તી હિંદુઓની છે. તેથી ઉતરતી મુસલમાન, પારસી, ફીરંગી, યુરોપીઅન, યાહુદી, યુરેશીઅન, સીધી અને ચીના વગેરેની વસ્તી છે.

બેટ—મુંબઈ એ જ ટાપુ, દ્વીપ કે બેટ છે. વળી મુંબઇમાં ધારાપૂરી (એલીફન્ટા); ક્રોસઈસલેન્ડ અને કોલાબાના નૈરૃત્ય ખુણામાં દીવાદાંડીના પણ બેટો આવેલાછે. એ સિવાય મુંબઈની આસપાસ વસઈ, સાષ્ટી, દ્રાવી, વસૌવા, તુરંબે અને ઉરણ એ બેટો છે.

દ્વીપકલ્પ—મુંબઈની દક્ષિણમાં કોલાબા અને નૈરૃત્યમાં વાલકેશ્વરના સાંકડા છેડા એ દ્વીપકલ્પ છે.

ભૂશિર—કોલાબા, વાલકેશ્વર, વરલી અને સિવરીની ભૂશિર છે.

---

* જાણીતી બાબતપરથી અજાણી બાબત શીખવા કે શીખવવાનો નિયમ છે. તે જ નિયમાનુસારે આ ભૂગોળ પણ શિક્ષકોએ શીખવવી.

સંયોગીભૂમિ—મહાલક્ષ્મી અને વરલી વચ્ચેનો પૂલ એ સંયોગીભૂમિરૂપે છે.

ડુંગર—મહાલક્ષ્મી, વાલકેશ્વર, ખંભાલા, બાબુલા અને સિવરીના ડુંગર છે.

મહાસાગર—હિંદીમહાસાગર છે. એ અરબી સમુદ્ર સાથે જોડાયલો પાણીનો મોટો ભાગ છે.

સમુદ્ર—અરબી સમુદ્ર એ મુંબઈનો આસપાસ છે.

અખાત—માહિમનો અખાત એ માહિમની પશ્ચિમે છે.

ઉપસાગર—બેકબેનો ઉપસાગર એ વાલકેશ્વર તથા કોલાબાની વચ્ચે છે.

તળાવ—મુંબાદેવી, ભૂલેશ્વર, ધોબીતળાવ, કાવશજી પટેલ, ગોવાળીઆ, બાબુલા, મહાલક્ષ્મી, વાલકેશ્વર, નાયગામ અને પરેલનું એ તળાવો છે.

સરોવર—શહેરના લોકોને લોખંડના નળવાટે મીઠુંપાણી પૂરૂં પાડવાને મ્યુનિસિપાલિટિએ મુંબઇથી થોડેક દૂર વીઆર અને તુલસી નામનાં બે સરોવર બાંધેલાંછે. વીઆરમાં તો ગોપુર નામની નદીને વાળીછે. ત્રીજું તાનસાનું સરોવર પણ હાલમાં તૈયાર થાયછે.

બંદર—પાલવા, મોદીબે, કરનાક, બોરી, માંડવી, મસીદ, એલફીન્સ્ટન, મજગામ, ચીચ, વાડી, ટાંક અને કોલસાબંદર એ બંદરો છે.

ગોદી—સાસુન, કોટ, મજગામ અને પ્રિન્સિસડોક એ ચાર સિવાય પાંચમી હાગ આયલંડ નામે તરતી ગોદી છે.

મુંબઇના વિભાગ—મુંબઇ એ હિંદુસ્તાન દેશની પશ્ચિમમાં સર્વ રીતે સર્વથી મોટું અને પાયતખ્ત શહેર છે. તે શહેરનો સઘળો ભાગ ચોતરફ પાણીથી વિંટલાયલો હોવાથી તેને બેટ કે ટાપુ પણ કહેછે. મુંબઇ શહેર ત્રણ ભાગમાં વહેંચાયુંછે. કોટ, બહારકોટ અને ભોંયખલાથી માહિમ. પણ હાલમાં તો બહારકોટના એક નાકાપર આવેલા ક્રાફર્ડમાર્કિટ નજીક જી. આઇ. પી. રેલવેના ગંજાવર બોરડીબંદર સ્ટેશને તે બાજુથી કોટ અને બહારકોટને જોડી દીધાછે. તેમ બીજી બાજુથી બહારકોટના બીજા નાકાપર આવેલા ધોબીતળાવ નજીક એલફીન્સ્ટન હાઈસ્કૂલ, કામાહાસપીટાલ, પોલીસકોર્ટ અને હાલમાં બંધાતા મ્યુનિસિપાલ હોલવડે કોટ અને બહારકોટના ભાગ તો કેવળ જોડાઇ ગયાછે. તોપણ કોટ અને બહારકોટ એ નામ તો રહ્યાંજ છે.

લત્તા*—(૧) કોટ વિભાગમાં:—મોટો કોલાબો નાનો કોલાબો, પાલવાબંદર, અંગરેજબજાર, સરકલ, મોદીખાના, બજારગેટ અને મેદાન એ લત્તાઓ છે. (૨) બહારકોટ વિભાગમાં;—ક્રાફર્ડમાર્કિટ, કાપડ માર્કિટ, જુમામસીદ, માંડવી, પાયધોણી, કાળકાદેવી, ધોબીતળાવ, ચરનીવાડી, ભૂલેશ્વર, પાંજરાપોળ, ગીરગામ, ખેતવાડી, ઉમરખાડી, ભીંડીબજાર, ખોજામહોલ્લો, ડુંગરી, કામાટીપૂરા, મજગામ, તાડદેવ, ચોપાટી. ગ્રાંટરોડ, ગોવાળીઆતળાવ, મલબારહીલ, વાલકેશ્વર અને મહાલક્ષ્મી એ લત્તાઓ છે. (૩) ભોં-

* પ્રત્યેક મોટા ભાગના પેટા ભાગને લત્તો કહેછે.

ચખલાથી માહિમ વિભાગમાં:—ભાંચખલા, ભતાર-પાખડી, ચીંચપોગલી, પરેલ,નાયગામ, વરલી,સિવરી, દાદર, માટુંગા, માહિમ અને સીમ એ લત્તાઓ છે.

જોવા લાયક જગાઓ—ટંકશાલ, ટાઉનહોલ, રાચલ એશીઆટીક સોસાઇટીની લાયબ્રેરી, એલ્ફીન્સ્ટન સરકલ બાગ, મોટી પોષ્ટ આફીસ, તાર આફીસ, હાઇકોર્ટ, રાજાબાઇ ટાવર, સેક્રેટેરીઅટ, યુનિવર્સિટિ, એલ્ફીન્સ્ટન કાલેજ, મ્યુનિસિપાલ આફીસ, પ્રિન્સ-આવવેલ્સનું ઘોડેસ્વાર બાવલું, સેલરહોમ, અંગરેજ બજાર, લોખંડથી બાંધેલું વાટસન હોટેલ, કાલાબાની દીવાદાંડી, સાસુનની ગોદી, રૂનું બજાર, ગાંડા માણસોની હાસપીટાલ, રાણીનું બાવલું, ટીચરની કંપની, મોટા વેપારી તથા વકીલોની આફીસો, મુંબઇ બેંક, ટાઈમ્સ આફ ઇન્ડીઆ, બામ્બેગેઝીટ, જામે જમશેદ, રાસ્તગોફતાર, કયસરેહિન્દ, ગૂજરાતી, અને મુંબઈ સમાચાર એ વર્તમાન પત્રોની આફીસો, બોરીબંદર સ્ટેશન આફીસ, ગ્યેટીથીએટર (નાટકશાળા), પોલીસકોર્ટ, બૈરાંની કામા હાસપીટાલ, એલ્ફીન્સ્ટન હાઇસ્કૂલ, ફરામજી કાવશજી ઇન્સ્ટીટ્યુટ અને નેટીવજનરલ લાયબ્રેરી, બાઇબલ સોસાઇટી, ગવર્નમેન્ટ-સેંત્રલબૂકડેપો, સેન્ટઝેવીઅર કાલેજ, ગોકલદાસ હાસપીટાલ, આર્ટસ્કૂલ, ક્રાફર્ડમાર્કિટ, ગોદી, કષ્ટમહાઉસ, પ્રિન્સિસડોક, માંડવીબંદર, જુમામસીદ, કાપડમાર્કિટ, મામાદેવી, ભૂલેશ્વરનું દહેરૂં, ભૂલેશ્વર લાયબ્રેરી, વૈષ્ણવ મહારાજોનાં મંદિરો, પાંજરાપોળ, માધવબાગ, આર્યસમાજ, પ્રાર્થનાસમાજ, વીલસનકાલેજ, પાયધોણીપર

જૈનલોકોનાં દહેરાસર, તુરંગ, સરની હાસપીટાલ, એ-જ્યુકેશનસોસાયટીનું છાપખાનું, ભોંયખલા કલબ, પોલીસ કમીશ્નરઆફીસ, ટ્રામવેનું સ્ટેશન, મોતીશાનું દહેરાસર,વિકટોરીઆ ગાર્ડન, જનાવરોની હાસપીટાલ. ગ્યાસનું કારખાનું, પીરોજશા પોટરીવર્કસ, સરકારી મહેલ, ચીમનબાગ, મહાલક્ષ્મી, વાલકેશ્વર, દરીઆ-મહેલ, બાબુલનાથ, ગ્રાંટરોડ નાટકશાળા, અને શેઠ ગોકલદાસ તેજપાલ બોર્ડીંગસ્કૂલ વગેરે સ્થળો બહુ જા-ણવા અને જોવા જોગ છે.

મુંબઇ જોવાના ક્રમવાર રસ્તા—મુંબઇમાં હરવા ફરવાના તથા તેને જોવાના ક્રમવાર મુખ્ય માર્ગ કરીએ તો તે આ પ્રમાણેના ત્રણ થાયછેઃ—(૧) કોલાબાથી વાલ્કેશ્વર જવાના રસ્તાઃ— કોલાબા, એસ્પ્લેનેડ, ધોબીતળાવ, ગીરગામ, ચોપાટી, મલબારહીલ અને વાલકેશ્વર. (૨) વાલકેશ્વરથી પાલવે જવાના રસ્તાઃ— વાલકેશ્વર, મલબારહીલ, ખંભાલાહીલ, મહાલક્ષ્મી, તાડદેવ, કામાટીપુરા, ખેતવાડી, ભૂલેશ્વર, ક્રાફર્ડમાર્કિટ, બોરડીબંદર, કોટ અને પાલવાબંદર. (૩) પાલવા-બંદરથી છેક માહિમ જવાના રસ્તાઃ —પાલવા, કોટ, મોદીખાના, બોરડીબંદર, ક્રાફર્ડમાર્કિટ, અલાહ-બાગ, પાયધોણી, ભીંડીબજાર, સરજમશેટજીની હાસ-પીટાલ, ભોંયખલા, રાણીનો બાગ, ગ્યાસનું કારખાનું, ચીચપોગલી, પરેલ, માટુંગા, દાદર અને માહિમ.

કોર્ટો—લોકના જાનમાલના સંરક્ષણ સારૂ મોટું પોલીસ ખાતું તથા પોલીસ કોર્ટો છે. લેણ દેણના ન્યાય સારૂ સ્મોલકાજ કોર્ટ છે. લોકોની સુખશાન્તિ

તથા શહેર સુધરાઇ સારૂ મ્યુનીસપાલિટિ નામે મોટું ખાતું ચાલેછે. લેણ દેણના મોટા દાવાઓ તથા ફોજદારી મોટા ગુન્હાઓ, તેમ જ માંહેના ભાગના રહેવાસીઓનો અપીલો સાંભળવાને આખા મુંબઇ ઇલાકાની સર્વોપરી હાઇકોર્ટ પણ આ મુંબઈ શહેરમાં જ છે. ઇલાકાનો સર્વોપરી સુબો ગવર્નર તે પણ અહીં જ રહેછે.

હાસપીટાલો—ભાંયખલામાં સરની હાસપીટાલ, બાહારકોટના નાકાપર ગોકલદાસ હાસપીટાલ, ગોવાળીઆ તળાવપર શંકરશેઠની હાસપીટાલ એ સઘળા પ્રકારના દરદીઓ સારૂ છે. કોટના મેદાનમાં કામા-હાસપીટાલ એ માત્ર બૈરાં સારૂ અને પરેલમાં સાકરબાઇ હાસપીટાલ એ માત્ર જનાવર સારૂ છે. કોલાબામાં દીવાના માણુસોને રાખવાની પણ હાસપીટાલ છે.

હવા ખાવા લાયક જગાઓ—મુંબઇમાં પાલવાબંદર, દરીઆ કિનારો, મેદાન, મહાલક્ષ્મી અને વાલકેશ્વરની આબો હવા છે. મુંબઇના અંગરેજો અને પૈસાદાર લોકો ગરમીના દહાડામાં માથેરાન તથા મહાબલેશ્વર સુધી આબો હવા ખાવાસારૂ પણ જાયછે.

બગીચા—ભાંયખલે વિકટોરીઆ ગાર્ડન અથવા રાણીનો રમણીય બાગ આખા હિંદુસ્થાનમાં સર્વથી મોટો છે. કોટમાં એલફીન્સ્ટન સરકલ નામનો તથા ચર્નીરોડ પાસે દરીઆ કિનારાપર મ્યુનિસિપાલિટિએ બંધાવેલા જાહેર બાગ છે. એ સિવાય મુંબઇના ત્રણે વિભાગમાં નાના બાગ અને શ્રીમંત લોકોની મનોરંજક વાડીઓ ઘણી છે.

ગુફાઓ—મુંબઇના બારાતરફ એલીફંટા અથવા ધારાપુરી નામે રમણીય ટાપુ છે. વળી સાષ્ટીમાં વીઆર અને થાણાની વચ્ચે ઊંચી ટેકરીઓપર અનેરીકનેરીની જોવા લાયક પ્રાચીન ગુફાઓ છે. તેમાંનું કોતરકામ તો ઘણુંજ સરસ છે.

ભોજનશાળા તથા વિશ્રામાલય—આ શહેરમાં વસનારા તથા પ્રવાસી અને વટેમાર્ગુ હિંદુઓ સારૂ ભોજનશાળાઓ, પારસીઓ સારૂ બોર્ડિંગહાઉસો અને અંગરેજો વગેરે સારૂ હોટલો તેમ જ વિશ્રામાલયો સર્વને અનુકૂળ પડતા લત્તાપર સખી ગૃહસ્થોએ અને ધંધાદારી લોકોએ ઉઘાડેલાંછે.

હાઇસ્કૂલ તથા કાલેજો—ફોર્ટ, બોમ્બે, પ્રોપ્રાયટરી, એલફીન્સ્ટન, એસેમ્બલી, વીલસન, એલફીન્સ્ટન-મીડલ, મની અને રીપન તથા યંગ લેડીઝ એ હાઇસ્કૂલો છે એલફીન્સ્ટન, સેન્ટઝેવીઅર, વીલસન, અને ગ્રાંટમેડીકલ એ કાલેજો છે.

ભાષાઓ—મુંબઇમાં મુખ્યત્વે કરીને અંગરેજી, ગૂજરાતી અને મરાઠી ભાષાઓ બોલાયછે.

ટ્રામવેનાં સ્ટેશનો—લોકોને શહેરના લત્તાઓમાં હરવા ફરવા તથા કામકાજે જવાસારૂ શહેરના જાહેર રસ્તાપર લોખંડના પાટા નાખી તેપર ઘોડાગાડીઓ ચલાવવામાં આવેછે. તેનાં મુખ્ય સ્ટેશનો આ પ્રમાણે છેઃ—પરેલથી ભોંયખલા, પાયધોણી, કાળકાદેવી, બોરડીબંદર, સેક્રેટરીઅટ, અને કોલાબા. કોલાબાથી મ્યુનિસિપાલ, બોરડીબંદર, ક્રાફર્ડમાર્કેટ, પાયધોણી, ખેતવાડી, અને ગ્રાંટરોડ. ગ્રાંટરોડથી ગીરગામ, ધોબી-

તળાવ, ક્રાફર્ડમાર્કિટ, માંડવી, મજગામ, અને પરેલ એ ટ્રામવેનાં સ્ટેશનો છે. ભોંયખલા અને કોલાબા એ બે તો તેનાં મુખ્યજ સ્ટેશનો છે.

રેલવે—હિંદુસ્થાનની સઘળી રેલવેનું મૂળ તેમ જ મુખ્ય મથક મુંબઇ છે. મુંબઈ શહેરથી શહેરમાં તથા પરદેશમાં જમીન માર્ગે લોકોને જા આવ કરવાસારૂ બે મોટા રેલવે ચાલેછે. એક બામ્બે બરોડા સેંટ્રલ ઇન્ડીઆ રેલવે અને બીજો ગ્રેટ ઇન્ડીઅન પેનિનસુલા રેલવે. જળમાર્ગની મુસાફરી સારૂ ઘણા મછવા, જાલી-બોટ, વહાણ અને મોટી આગબોટો ચાલેછે.


રેલવેસ્ટેશનો—બી. બી. સી. આઇ રેલવેનાં મુંબઇનાં સ્ટેશનો:—કોલાબા, ચર્ચગેટ, મરીનલાઇન, ચનારોડ, ગ્રાંટરોડ, મહાલક્ષ્મી, પરેલ, એલફીન્સ્ટનરોડ, દાદર અને માહિમ છે. જી. આઇ. પી. રેલવેનાં સ્ટેશનો:—બોરડીબંદર, મસીદબંદર, ભોંયખલા, ચીંચપોગલી, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુરલા છે.

નીપજ—ડાંગર અથવા ભાત એ મુખ્ય નીપજ છે. મીઠું પાકે છે. શાકભાજી ઉપરાંત ખડબુચ, નાળિએર, જમરૂખ, કેળાં, કાકડી, અનાનાસ, પપનાસ, આફુસ અને પાયરીની કેરી વગેરે ફળાદિ પણ પુષ્કળ થાયછે.

આયાત—ઉનનું તથા સુતરાઉ વિલાયતી કાપડ, રેશમ, દવા, દારૂ, બીલોર, ધાતુ, કરીઆણું, ચા, ખાંડ, સર્વ તરેહના સાંચાઓ અને ભાતભાતનાં કાચ, પથ્થર, માટી તથા લાકડાનાં રમકડાં ઇત્યાદિ યુરોપ અને અમેરિકા વગેરે ઘણા દૂરના દેશાવરોથી આ શહેરમાં આવી આખા દેશમાં તેનો વેપાર ચાલેછે.

નીકાશ–આ શહેરમાંથી રૂ, અફીણ, ચામડાં હાડકાં, અલસી, ઘઉં, બીઆં, મહુડાં, કાચુંઉન, અને મોતી વગેરે ઝવેરાત પણ ચીન તથા યુરોપાદિ દેશમાં જાયછે.

હુન્નર–મુંબઇ શહેરમાં ઘણો બોહોળો વેપાર ચાલે છે. રૂ કાંતવાની અને કાપડ વણવાની મીલો વિલાયતની પેઠે મુંબઇમાં પણ ઘણી છે. રંગવા, કોતરવા, ચીતરવા, છાપવા, છબી પાડવા, સીવવા, ગુંથવા, અને ભરત ભરવા વગેરે તરેહવાર જાતના ઉદ્યોગો ચાલેછે. ધંધા રોજગારને માટે તો મુંબઇ આખા હિંદુસ્થાનમાં પહેલા નંબરનું બંદર અને દુનિયામાં સર્વથી સરસ ગણાતાં શહેરોમાંનું એક શહેર છે.



વિશેષ હકીકત.

મુંબઈ નામની ઉત્પત્તિ–મુંબઇમધ્યે આવેલા મુમ્બાદેવી નામના ઘણા પ્રાચીન દહેરાપરથી મુંબઇ એ નામ પાડેલું સંભવેછે.

મુંબઈની પ્રાચીન હાલત–મુંબઇ બેટ પ્રથમ એક ગામડું હતું અને તેમાં માત્ર થોડાક માછીમારલોક જાવળીનાં ઝુંપડામાં વસતા હતા. એમાં છસો સાતસો વરસપર કોઇ ભીમરાજ નામનો રજપૂત રાજા રાજ કરતો હતો. એના મરણ પછી તેનો પુત્ર પ્રતાપસીંગ ગાદીપર બેઠો. પણ તેના શાળા નાગરશાએ મુસલમાનોની મદદથી તેને ઉઠાડી મૂકી પોતે તે ગાદીનો ધણી થઇ બેઠો. એ પછી અલ્લાઉદ્દીન નામના બાદશાહે તેની પાસેથી સન ૧૩૦૮ માં તે બેટ જીતી લીધો હતો. ત્યારપછી પોર્તુગીઝ લોકો વેપાર અર્થે આવી ત્યાં વસવા લાગ્યા. અને કેટલાક વખત પછી તેઓ તે બેટના માલેક થઈ પડ્યા. આ વેળા એમાં સુમારે ૧૦૦૦૦ માણસની વસ્તી હતી. એ પછી આ દેશમાં વેપાર અર્થે આવેલા અંગરેજોએ એ બેટ પોર્તુગીઝ લોકોના હાથમાંથી લેવા બેવાર કોશેશ કરી પણ તે તેમને મળ્યો નહિ. છેવટ એ બેટ પોર્તુગીઝ રાજાની શાહાજાદી ઇનફંટા કાથેરાઇન સાથે ઈંગ્લંડના બીજા ચાર્લસ રાજાનાં સન ૧૬૬૧ માં લગ્ન થવાથી તે ઇંગ્લંડને રીતમાં મળ્યો. એ પછી ઇંગ્લંડના રાજાએ સન ૧૬૬૮ માં ઇસ્ટ ઇંડિઆ કંપનીને તે દર વરસે માત્ર એકસો રૂપીઆથી ભાડે આપ્યો હતો. કંપની સરકારના હસ્તકમાં આ ટાપુ આવતાંજ

તેણે તેને સુધારવા અને વધારવાને ઉપાયો યોજ્યા હતા. પ્રથમમાં સારા કાયદા કાનુનો બાંધ્યાં. વળી કિલ્લાને મજબૂત કરી તથા તેમાં અંગરેજ વેપારીઓને વસાવી એક નાના ગામને શહેર સરખું બનાવી મૂક્યું સન ૧૬૭૫. આ વખતથી મુંબઈની વસ્તીમાં સારો વધારો થવા લાગ્યો હતો. પણ તેનાં હવા, પાણી વસ્તી અને રચનામાં ખરેખરો સુધારો વધારો તો જ્યારથી એ ટાપુનો કારભાર હાલના આપણા રાજ્યકર્તાના હાથમાં આવ્યો ત્યારથી થતો જઇ મુંબઇને તેની હાલની આબાદ હાલતમાં આવેલું આપણે જોઇએછીએ.

મુંબઇનાં હવાપાણી—સો વરસપર મુંબઇ ઇલાકા માંહેના ગુજરાત વગેરે દેશના લોકો તે ટાપુને કાળાપાણીના દેશને નામે ઓળખતા હતા. આથી અમદાવાદ, સુરત, કચ્છ અને કાઠીઆવાડ વગેરે દેશના કોઇપણ રહેવાસી આ ટાપુમાં આવવાને બહુ ભય રાખતા હતા. એ વેળાએ મુંબઇના ટાપુની જમીનનો ઘણો ભાગ દરીઆની સપાટી કરતાં નીચાણમાં હોવાથી ચોમાસાનાં પાણી ઘણા દહાડા સુધી ભરાઇ રહી જ્યાં ત્યાં તેની ખરાબ હવા ફેલાતી હતી. વળી પથરાળુ જમીન હોવાથી પાતાળનાં પાણી પણ હાલના સરોવર જેવાં મીઠાં નહિ હતાં. તેનાં પાણી અને હવા બેઉ ઘણાં જ ખરાબ હોવાથી તનદુરસ્ત માણસોનાં શરીર પણ ઘણાં બગડી આવતાં હતાં. આવાં હવાપાણીનાં દુઃખને લીધે ઘણાખરા સફરી વેપારીઓ પોતાનો ધંધો રોજગાર અને સર્વ તરેહનો વ્યવહાર ગુમાસ્તા

રાખી તેવડે ચલાવતા હતા. અંગરેજો તો ઘણો વખત ટક્તા પણ નહિ. પરંતુ સન ૧૮૧૯ થી સન ૧૮૨૭ સુધી ધી આનરેબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલફીન્સ્ટન મુંબઈનો ગવરનર રહ્યો, તેણે અહીઆંનાં હવાપાણી અને રસ્તા સુધારવાપર બહુ ધ્યાન આપી તે સુધાર્યાં. એ વખતથી હવાપાણી સુધર્યાંને લીધે દેશીઓની સાથે અંગરેજો પણ આ ટાપુમાં બહુ વસવા લાગ્યા. અને આજે હવાપાણીને માટે મુંબઇ એ એક ઉત્તમ બેટ ગણાયછે.

મુંબઇની રચના—થોડી સદીપર માછીમાર તથા ભીલકોળીઓને વસવા અને આસપાસના કેદીઓને રાખવા લાયક માત્ર થોડાંક ઝાવળીનાં ઝુપડાંવાળા, આ બેટને અંગરેજ સરકારે સુધારી વધારીને પશ્ચિમ હિંદુસ્થાનનું પાયતખ્ત શહેર બનાવ્યુંછે. મુંબઇનો ગવરનર ધી આનરેબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલફીન્સ્ટન થયો ત્યાં સુધી તે ઘણી સારી હાલતમાં નહોતું. માટે પ્રથમમાં તેણે રાજનીતિમાં ઘણો સુધારો કર્યો. યોગ્ય કાયદા રચ્યા. નવા નવા રસ્તા અને જાહેર મકાનો બાંધ્યાં. વળી દેશીઓને કેળવણી આપવાસારૂ સન ૧૮૨૦ માં તેણે પહેલવહેલી શાળાઓ સ્થાપી. આ પ્રમાણે જેમ જેમ સુધારો થતો ગયો તેમ તેમ આ શહેરમાં વસ્તી અને વેપાર વધવા લાગ્યાં. રેલવે, આગબોટ અને વહાણની મદદથી હાલ તે ઘણાં વધી પડ્યાંછે. હાલતો મુંબઇ શહેર અંગરેજી રાજના પ્રતાપથી ઘણી આબાદ હાલતમાં આવી આખા હિંદુસ્થાન દેશમાં સર્વોપરી થઇ પડયું

છે. પૂર્વ દિશામાં જ્યાં બંદર છે ત્યાં દુનિયાંપરનાં વહાણો તથા આગબોટો આવીને નાંગરેછે. તેમ જ આ દેશનો માલ લઈને તે દૂર દેશાવરોમાં જાયછે. શહેરના જુદા જુદા લત્તાઓપર ઘણાંક ઘરો, હવેલીઓ, મંદિરો, મસીદો, અગીઆરીઓ, દેવળો, ધર્મશાળાઓ, વાડીઓ અને બંગલાઓ આવેલાછે. તેમાં પણ કેટલાંક ખાનગી અને સરકારી મકાનો તથા વાડીઓ વગેરે ઘણાં મનોરંજક છે. લોકોને સરસામાન ખરીદવાસારૂ લત્તાઓપર ઘણાંક બજારો છે. બહારકોટમાં શાકભાજીની ભૂલેશ્વરમાર્કિટ, ધાતુઘાટની કંસારાચાલ, કાપડમાર્કિટો, સર્વતરેહના વેપારીની દુકાનોની હાર, માંડવી બંદરમાં માલ ભરી રાખેલી વખારો, શાકઅને ફળફળાદિની ક્રાફર્ડમાર્કિટ અને કોટનું અંગરેજબજાર એતો ઘણાં મોટાં છે. કોટના ભાગની બરાબરી કરી શકનારો ભાગ તો આપણા દેશમાં બીજા કોઇ ઠેકાણે નથી. તેનાં રોનકદાર ઊંચાં ને પથ્થરનાં બાંધેલાં જાહેર મકાનો, અને શોભાયમાન ખાનગી આફીસો તથા ભપકાદાર ઘરોની બાંધણી તો સર્વોત્તમ છે. અમદાવાદ, સુરત, આગ્રા, દિલ્લી અને કલકત્તાનાં બાંધકામ, નકસીદાર અને કોતરકામ તથા કુશાદે મકાનોથી પ્રાચીન હિંદુસ્થાન કેવું હતું તે જણાશે, પણ અર્વાચીન હિંદુસ્થાન કેવું છે તે જોવા ઇચ્છનારાઓને તો મુંબઇ જોવાથીજ તેનો ખ્યાલ આવશે. મુંબઇની પંચરંગી વસ્તીમાં જેટલી જાતો છે તેટલી બીજા કોઇપણ શહેરમાં નથી. મુંબઇની ઉદ્યોગી જાતમાં મુખ્ય કચ્છી વાણીઆ, ભાટિયા, લુવાણા, ખોજા, પારસી અને અં-

ગરેજો છે. કેળવણી આપવાસારૂ ઘણીક હલકા દરજ્જાની સ્કૂલો તેમ જ ચઢતા દરજ્જાની હાઇસ્કૂલો, આર્ટસ્કૂલ, જુદા જુદા ધંધા શીખવાને હુન્નરશાળા અને મોટી કાલેજો ચાલેછે. દરદીઓનાં દુઃખ નિવારણ કરવા હાસપીટાલો અને ગુન્હેગારોને શિક્ષા કરવાસારૂ નાનીકોર્ટથી તે છેક હાઇકોર્ટ સુધાં છે. તેમજ નાના મોટા અમલદારોથી તે ગવરનર સુધાં પણ અત્રે રહેછે. લોકની તનદુરસ્તી જાળવવા અને સુખશાન્તિ વધારવા મોટું મ્યુનિસિપાલ ખાતું સ્થાનિક સ્વરાજ્યની રૂએ ચાલેછે. આ શહેરના સુધારા વધારા પાછળ કરોડો રૂપીઆ ખરચાયાથી એક રોગીસ્ટ અને નાનું ગામડું હાલ તનદુરસ્ત અને ખૂબસુરત શહેરમાં બદલાઇને ખરી અલકાપુરી બન્યું છે.

ટાઉનહોલ—એ કોટમાં એલફીન્સ્ટન સરકલની પૂર્વમાં છે. તે સન ૧૮૩૩ માં બાર વરસે બંધાઇ રહ્યો હતો. તેના ભોંયતળીએ કેટલાક જાણીતા પુરુષનાં પૂતળાં અને આકીસો છે. પહેલા માળપર ગ્રેટબ્રિટન અને આયરલંડની રાયલ એશિયાટીક સોસાઇટીની લાયબ્રેરી ને રીડીંગરૂમ છે. ટાઉનહોલના મધ્યભાગના ઓરડાગાં જાહેરસભાઓ ભરવામાં આવેછે. દક્ષિણમાં દરબાર નામનો ઓરડો છે, તેની ઉત્તરમાં મુંબઇને સુધારનાર ગવરનર ધી આનરેબલ માઉન્ટસ્ટુઅર્ટ એલફીન્સ્ટનનું પૂતળું મૂક્યું છે. એ સિવાય બીજા પણ જાણીતા દેશી અને અંગરેજોનાં પૂતળાં છે. આ પૂતળાં જોવાથી મહાન્ પુરુષોની જીંદગી કેટલી ઉપયોગી થઇ પડેછે તેનો ખ્યાલ આવેછે. તેમ જ

તેમની મુખમુદ્રાપરથી જોનારને સુકૃત્ય કરવાનો એક અચ્છો ધડો પણ મળેછે.

હાઇકોર્ટ—આ કોર્ટ જોવા લાયક છે. તે બાંધવામાં ચૌદ લાખ રૂપીઆનો ખરચ થયોછે. આવી કોર્ટમાં ચાલતાં કામકાજ જોવાથી તથા તેમાં થતા ઇનસાફની કેફિઅત સાંભળવાથી પાપી તથા ગુન્હેગારોની કેવી દૂર્દશા થાયછે તે જાણી ન્યાયી, પ્રમાણિક અને પવિત્ર રહેવાનો બોધ મળેછે.

બેંકો તથા આફીસો—બેંકો તથા આફીસોમાં કામકાજનો વ્યવહાર એકબીજા સાથે કેવી રીતે ચલાવવામાં આવેછે; અને તે સુલભ રીતે ચલાવવાને કેવા કેવા વિભાગ રાખવાની જરૂર છે; એ આદિ જાણ્યાથી હરેક માણસ પોતાનો વ્યવહાર ચોખી રીતે ઘણી સહેલાઇથી કરી શકેછે. વળી માલ ખરીદવા તેમ જ ખપાવવાને કેવી કેવી યોજનાઓ કરવાની જરૂર છે તેનું પણ જ્ઞાન પ્રાપ્ત થાયછે.


વિક્ટોરીઆ ગાર્ડન્સ—આ બાગ કે જેને રાણીનો બાગ કહેછે તે ભોંયખલાના જાહેર રસ્તાપર આવેલો છે. તે બંધાવવામાં દશ લાખનો ખરચ થયોછે. એ બાગમાં વિક્ટોરીઆ મ્યુઝીઅમ નામનો પણ એક હોલ દરવાજામાં દાખલ થતાં ડાબા હાથપર છે. બાગમાં તો તરેહવાર પ્રકારના ક્યારાની રચના અને અનેક પ્રકારની વનસ્પતિનાં તેમ જ ફળફળાદિનાં વૃક્ષ છે; તથા જાતજાતનાં પશુપક્ષીઓને પીંજરામાં રાખવામાં આવ્યાંછે; પણ આ મ્યુઝીઅમહોલમાં તો દુનિયામાં મળતા ઘણાખરા પદાર્થનો સંગ્રહ કરવામાં

આવ્યોછે. વળી તેમાં કેટલાક જાણીતા અને માનીતા દેશહિતકારી પુરુષોના પૂતળાં પણ ઉભાં કરવામાં આવ્યાં છે. આ સુંદર, વિશાળ અને રમણીય બાગ માંહેની રચના તથા વનસ્પતિ અને પ્રાણી પદાર્થનો સંગ્રહ જોઇ મનરંજન થાયછે. એટલુંજ નહિ પણ તે જોવાથી પ્રાણી તથા પદાર્થ વિષેનું કેટલુંક જ્ઞાન અનાયાસે મળેછે.

દરીઆમહેલ—વાલકેશ્વરમાં દરીઆ કિનારાપર શેઠ જીવરાજ બાલુનો બંધાવેલો આ મહેલ છે. તેમાં પણ વિકટોરીઆ મ્યુઝીઅમની પેઠે દુનિયામાં મળતા કેટલાક પદાર્થનો સંગ્રહ કરી રાખવામાં આવ્યોછે. એ મહેલની છેક ટોચપર જઈને મુંબઈ તરફ જોવાથી એકી વખતે આખા મુંબઇ શહેરનો દેખાવ દૃષ્ટિગોચર થાયછે.

ધારાપૂરી અને અનેરી કનેરીની ગુફા—ધારાપૂરી એ મુંબઇથી પૂર્વમાં સાત મૈલપર ૭ મૈલ ઘેરાવાનો બેટ છે. તે બે ડુંગરોનો બનેલોછે. તેમાં પ્રાચીનકાળની ચમત્કારી ગુફાઓ બહુ જોવા લાયક છે. તેને જોવાસારૂ મુંબઇથી નાની આગબોટ કે પડાઉમાં બેસી એકબે કલાકમાં ત્યાં જવાયછે. એ પહાડથી ગુફા આગળ જવાનો પોણા મૈલ ચઢાણનો પગથીઆથી બાંધેલો રસ્તો છે. તે રસ્તેથી ગુફાના દરવાજામાં દાખલ થતાં પ્રથમ એક વિશાળ ચોક આવેછે, તેમાં પહાડમાંથી કોરી કાઢેલા સુંદર થાંભલાની બે હાર છે. ત્યાંથી આગળ ચાલતાં દહેરા જેવો આકાર આવેછે તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની મૂર્त्तિઓ પાછલા

ભાગપરથી પહાડને વળગેલીછે. તે ઉંચાઇમાં દશથી બાર ફીટ સુધી છે. એ દહેરાની જમણી બાજુએ બાવીસ ચોરસ ફૂટનો એક ઓરડો છે. તેમાં હાલ મહાદેવ છે. એ પછી પહાડની અંદર એક નાનું તળાવ છે તેનું પાણી મીઠું, સ્વચ્છ અને થંડું છે. એની પાસેની બે ગુફા-માંની એક મોટી ગુફામાં મૂર્ત્તિની હારનીહાર જોવામાં આવેછે. આ ગુફા અને તેની અંદરની મૂર્ત્તિઓ વ-ગેરેનું અસલી કોતરકામ એટલું તો જોવા લાયક છે કે કોઈ પણ મુસાફર તેને સંપૂર્ણ જોયા વગર પાછો ફ-રતો નથી. અનેરીકનેરીની ગુફા પણ વીઆર અને થાણાની વચ્ચે સાષ્ટીની એક ઊંચી ટેકરીપર એવી જ રીતે કોતરી કાઢેલીછે. વધારે અજાયબ સરખું એ છે કે આ ગુફાથી છેક દમણ સુધીનો રસ્તો અંદરથી કા-ઢવામાં આવ્યોછે. પણ એ રસ્તે હાલ કોઈથી જઈ શકાતું નથી. આ ગુફા બૌદ્ધ ધર્મીઓની હોય એમ તે જોવાથી જણાયછે. તેમાં સાધુ અને જોગીઓના રહેઠાણની જગાઓ ઉપરાંત બુદ્ધનું મોટું પૂતળું કોરેલું છે. એની આસપાસ સ્ત્રીપુરુષોનાં પણ ઘણાં પૂતળાં કોતરેલાં છે. એ આદિ ધારાપૂરીની પેઠે આ પ્રાચીન ગુફાનું કોતરકામ પણ બહુ જોવા લાયક છે.



ઘરસંસાર ને દુનીઆદારીની કેળવણી માટે

ઉત્તમ પુસ્તક.

સુંદરીગુણમંદિર.

બીજી આવૃત્તિ. કીમત દશ આના.

કુટુંબને ઘરસંસાર અને દુનીઆદારીની કેળવણી આપવાસારૂ હિંદુ, પારસી અને મોહામેદન વિદ્વાનોએ કોઇપણ પુસ્તક પસંદ કર્યું હોય તો તે આ "સુંદરીગુણમંદિર" છે. એની બરોબરી કરી શકે તેવું બીજું પુસ્તક બાહાર પડયું નથી. વિદ્વાન્ ગ્રાહકોએ, દાકતરોએ તેમજ કેળવણીખાતાના ડેપ્યુટી ઈન્સ્પેકટરોએ અને શાળાના અનુભવી શિક્ષકોએ તથા રોજીંદા, અઠવાડિક અને માસિક પત્રાધિપતિઓ ઉપરાંત દેશીરાજ્યના ન્યાયાધિશથી તે દિવાન સુધાંએ તેનાં ઘણાં વખાણ કર્યાંછે એટલું જ નહિ, પણ ઘણાઓએ તો તેને શાળાખાતામાં ચલાવવા, લાયબ્રેરીઓમાં રાખવા અને ઈનામમાં વહેંચવા પણ ભલામણ કરીછે.

મુંબઈ, ભૂલેશ્વર શા કબાર્કિટ સામે ડોકા વાડી ઘર નં૦ ૭

રચી છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

મહાસુખરામ હરગોવિંદદાસ.